નર્મદા જિલ્લા સંકલન સમિતિમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ અનેક પ્રશ્નો ઉઠાવી તંત્રને ભીંસમાં લીધું

આવો વિકાસ? MLAનાં કામ જ થતાં નથી !

આંગણવાડીથી લઈ પીવાના પાણીની સમસ્યા બાબતે રજૂઆત

પ્રજાનો નાયક જ લાચાર

રાજપીપળાઃ નર્મદા જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણની શનિવારે મળેલી બેઠકમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જિલ્લાના અનેક પ્રશ્નોની રજૂઆત કરી તંત્રને ભીંસમાં લીધું હતું.

નર્મદા કલેક્ટર સંજય મોદીની અધ્યક્ષતામાં શનિવારે મળેલી આ બેઠકમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ રજૂઆત કરી જણાવ્યું હતું કે, ધારાસભ્ય, સાંસદ સભ્યનાં કામ પૂર્ણ થતાં નથી. સામાન્ય જનતાનાં કામ કઈ રીતે પૂર્ણ થશે? વધુમાં તેમણે જણાવ્યું હતું કે, લોકોના વિકાસ માટે જે કરોડો રૂપિયા આવે છે એ કરોડો રૂપિયા યોગ્ય જગ્યાએ વપરાતા નથી અને બચત પેટે ફરીથી જમા થઈ જાય છે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, જેટલી પણ આંગણવાડીની ઘટ છે, શાળાઓમાં ઓરડાઓની ઘટ છે, તેને તાત્કાલિક ધોરણે ટેન્ડર પ્રક્રિયા કરી પૂર્ણ કરવામાં આવે.

સાથે સાથે જિલ્લામાં આવતા સ્ટેટના અને નેશનલ હાઈવેના રોડ પર તાત્કાલિક ધોરણે પેચવર્ક કરવામાં આવે તેમજ સાઈડમાં જે ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે તેનું પણ કટિંગ કરવામાં આવે. તેમજ ગીરગઢથી જૂનારાજ રોડનું કામ ઘણા સમયથી બાકી છે તે DCF, કલેક્ટર બધાના સંકલનથી એનું સત્વરે નિરાકરણ આવે એ બાબતે ચર્ચા કરી હતી. સાથે સાથે નર્મદા જિલ્લાના તમામ તાલુકામાંથી લોકોના 17 જેટલા પ્રશ્નો હતા તેના ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. મનરેગા રોજગારી દિવાળી પછી ચાલુ થાય, પીવાના પાણીની સમસ્યા, એટીવીટીમાં બહારના કોન્ટ્રાક્ટરોને સભ્યો બનાવ્યા છે એને પણ રદ કરવા માટે અને નવી કમિટી બનાવવા રજૂઆત કરી હતી.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, 15મા નાણાપંચ 2020-21થી લઈને આજદિન સુધી 10% જેટલા જે જિલ્લા કક્ષાનાં કામ હતાં એ પણ પૂર્ણ થયાં નથી. સાંસદ હોય કે મારી ગ્રાન્ટ હોય 2024ની ગ્રાન્ટનાં કામ પણ પૂર્ણ થયાં નથી. જો અમારા જેવા ધારાસભ્ય અને સાંસદનાં કામ પૂર્ણ નથી કરતાં ત્યારે સામાન્ય જનતાના કામ કઈ રીતે કરશે. આગજન્ય ઘટનાઓથી જે ઘરો બળી ગયાં છે એમને પણ વળતર મળે, કરજણ નદીમાં તણાઈ જવાથી બે બાળકોના આકસ્મિક મૃત્યુ થયાં હતાં તેમના પરિવારને પણ વળતર મળે એ તમામ બાબતોની ચર્ચા કરી હતી.

વિકાસ માટેના કરોડો રૂપિયા યોગ્ય જગ્યાએ વપરાતા નથી

ટૂંક સમયમાં જિલ્લા પંચાયતની ચૂંટણી આવવાની છે, પરંતુ હજી સુધી વર્ષ 2020-21નાં કામ પણ પૂર્ણ થયાં નથી એને ફેરબદલ કરવાની વાત છે ત્યારે વહીવટી તંત્રની ભૂલના કારણે લોકોના વિકાસ માટે જે કરોડો રૂપિયા આવે છે એ કરોડો રૂપિયા યોગ્ય જગ્યાએ વપરાતા નથી અને બચત પેટે ફરીથી જમા થઈ જાય છે એ એક ગંભીર બાબત છે. ધારાસભ્ય ચૈતર વસાવાની રજૂઆતને પગલે જિલ્લા વહીવટી તંત્રએ દિવાળીના તહેવારો બાદ આ તમામ કામગીરી થશે તેવી હૈયાધારણા આપી હતી.

બંધ બોડીની ટ્રકમાંથી 26 લાખનો દારૂ મળ્યો

ઉચ્છલ બેડકી નાકા પાસે સ્ટેટ મોનિટરિંગ ટીમની કાર્યવાહી

વ્યારાઃ ઉચ્છલના બેડકીનાકા પાસે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં વડોદરા બંધ બોડીની ટ્રકમાં લઈ જવાતો 26.40 લાખનો બિયરનો જથ્થો મળી આવતાં પોલીસે ટ્રકચાલકની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ઉચ્છલ તાલુકામાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર મહારાષ્ટ્ર બોર્ડર નજીક બેડકીનાકા પાસે પોલીસે ચોક્કસ બાતમીના આધારે બંધ બોડીની ટ્રક નં.(MH-12 QW 8998)માં કુલ 12000 નંગ બિયરની બાટલીઓ કિં.રૂ.26.40 લાખનો વિદેશી બિયરનો જથ્થો મળી આવતાં પોલીસે ટ્રકચાલકને ઝડપી દમણથી દારૂ ભરી આપનાર જાવેદ, ટ્રક માલિક તેમજ દારૂ મંગાવનાર વડોદરાના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી દારૂ કિં.રૂ.26,40,000, રોકડા રૂ.3,360, મોબાઈલ નંગ-2 કિં. રૂ.5,500, ટ્રક નં.(MH - 12 QW 8998) કિં.રૂ.15,00,000, ફાસ્ટેગ અને બિલ્ટીના કાગળો સહિત કુલ રૂ.41,48,860નો મુદ્દામાલ કબજે લઈ આરોપી મુકેશસિંગ સાલેકસિંગ રાજપૂત (ઉં.વ.33) (રહે.,લચ્છનપુર, થાના-નેવડિયા, તા.માળીયાહુ, જિ.જોનપુર, ઉત્તરપ્રદેશ) સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગરીબો સાથે ક્રૂર મજાક આમોદમાં શૌચાલય કૌભાંડ

આમોદ પાલિકામાં કોંગ્રેસના પદાધિકારીઓ અને અધિકારીઓની મિલીભગત

આમોદ, ભરૂચઃ આમોદ પાલિકામાં 12 વર્ષ અગાઉ નિર્મળ ગુજરાત શૌચાલય યોજના હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ગાંધીનગર દ્વારા વર્ષ-2013થી વર્ષ 2016 સુધી આમોદ નગરમાં 1381 શૌચાલય બનાવવામાં આવ્યાં હતાં, જેમાં આમોદ પાલિકાના કોંગ્રેસના તત્કાલીન પ્રમુખો તેમજ મુખ્ય અધિકારીઓ અને ઈજનેરોની મિલીભગતથી શૌચાલયો બનાવવામાં મોટા પાયે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાથી જંબુસરના પૂર્વ ધારાસભ્ય છત્રસિંહ મોરીએ તા.6/1/2017ના રોજ વિજિલન્સ તપાસની માંગણી કરી હતી. જેથી ઉચ્ચ કક્ષાએથી તપાસ થતાં કોંગ્રેસ શાસિત પાલિકાના તત્કાલીન પ્રમુખો તેમજ મુખ્ય અધિકારીઓ અને ઈજનેરોની મિલીભગતથી કૌભાંડ થયું હોવાનું સામે આવ્યું છે. ગુજરાત સરકાર કસૂરવારો કડક કાર્યવાહી કરવાના એક્શન મોડમાં હોવાથી આમોદ પાલિકા પાસે રિપોર્ટ મંગાવતાં તત્કાલીન પાલિકાના શાસકોમાં હડકંપ મચી ગયો હતો.

વિજિલન્સ ટીમે સ્થળ તપાસ કરતાં શૌચાલય ખૂબ જ સાંકડા અને ઉપયોગ વિનાના બનાવાયા હોવાનું જણાયું હતું, જેમાં 70 ટકા લોકોના શૌચાલયમાં લાકડાં અને ભંગાર સામાન મૂકવા વપરાઈ રહ્યા છે. 50 ટકા શૌચાલયના દીવાલ તથા દરવાજા તૂટી ગયેલા છે. આ બાબતે રે.ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું, જેમાં કામગીરીનો ખોટો રિપોર્ટ આપવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે બિલની ચૂકવણી કરતાં રે.ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. દોષિત ઠરતા તેની સામે પણ કાર્યવાહી થવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. નિર્મળ ગુજરાત અંતર્ગત બનાવવા માટે વર્ષ-2013થી વર્ષ-2016 સુધી કુલ સાત એજન્સીએ શૌચાલયનું કામ કર્યું હતું. અમુક જૂનાં શૌચાલયોને માત્ર દરવાજો લગાડી નવા બનાવવામાં આવ્યા હતા. જેથી સાત એજન્સી પૈકી જય રામેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ, વસુંધરા ચેરિટેબલ ટ્રસ્ટ - ગાંધીનગર, અર્બુદા ફાઉન્ડેશન - વડોદરા, જ્યોતિ કન્સ્ટ્રક્શન - આમોદ, બી.એ.પટેલ - આમોદ, જે.એ.કડવા - આમોદ અને શ્રી અમીન કન્સ્ટ્રક્શન એન્ડ સપ્લાયર્સ - ઝઘડિયા સામે તવાઈ આવવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

મોટાં માથાં ભેરવાઈ શકે

આમોદ નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ સમીમ મકસુદ પટેલ, સલીમ અહેમદ ઈશ્વરસિંહ રાણા, સાજીદઅલી ઇકબાલઅલી રાણા તેમજ મુકેશ પંડ્યા (જેઓનું મૃત્યુ થયું છે). આ ઉપરાંત આમોદ નગરપાલિકાના તત્કાલીન મુખ્ય અધિકારી પૈકી દિનેશ છગન પટેલ - ચીફ ઓફિસર, ચિરાગ.જી.ડોડિયા.- ઈનચાર્જ ચીફ ઓફિસર, પ્રકાશચંદ્ર સુરેશચંદ્ર પરીખ- ઈનચાર્જ ચીફ ઓફિસર, રાહુલ વી.ઢોડિયા- ઈનચાર્જ ચીફ ઓફિસર, ધવલ યોગેશ પટેલ - ઇજનેર, ઈલ્યાસ એમ.પટેલ - ઇજનેર અને નૈતિક સોલંકી - ઇજનેર સામે કાર્યવાહી થવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. જેથી ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

પુનગામ નજીક સતત બીજા દિવસે ટ્રાફિકજામ

અનેક વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના પુનગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની કનેક્ટિવિટી શરૂ થતાં સતત બીજા દિવસે ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

અંકલેશ્વરથી હાંસોટને જોડતા સ્ટેટ હાઈવે પર વાહનોની લાંબી કતાર લાગી ગઈ છે. જેના કારણે અનેક વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.

દિવાળીના તહેવારો પૂર્વે વાહન વ્યવહાર વધતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. ટ્રાફિક નિયંત્રણ માટે કોઈ પોલીસકર્મી હાજર ન હોવાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ પુનગામ નજીક એક્સપ્રેસ વે સાથે જોડાયેલો માર્ગ અત્યંત સાંકડો છે. જેના પગલે ટ્રાફિકજામની પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. આ જામના કારણે અંકલેશ્વર-હાંસોટ અને સુરતને જોડતા સ્ટેટ હાઈવેનો વાહન વ્યવહાર પણ અસરગ્રસ્ત થયો છે. સ્થાનિક લોકો અને વાહનચાલકો ટ્રાફિક નિયંત્રણ માટે તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાંસોટ રોડની ટ્રાફિકજામની અસર અપેક્ષિત રીતે અંકલેશ્વર શહેરના આંતરિક માર્ગો ઉપર પણ વર્તાઈ હતી. હાલ દિવાળીની ખરીદીને પગલે ચૌટા નાકા સહિતના વિસ્તારોમાં લોકોની ભીડ ઉપરાંત આ ટ્રાફિકનું ભારણ વિકટ બની રહ્યું હતું.

એક હોદ્દેદારને અન્ય બે હોદ્દેદારની ગંભીર ધમકી

માપમાં રહેજો, એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવી દઈશું

ભાજપના વાલોડ તાલુકા પ્રમુખ પરિમલ સોલંકી અને જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ અમિત પટેલની ખુલ્લી દાદાગીરી

વાલોડ તાલુકા લઘુમતી મોરચાના પ્રમુખ સલીમભાઈ મુલતાની પર પક્ષવિરોધી પ્રવૃત્તિનું આળ મૂક્યું, કાર્યકરો, હોદ્દેદારો સ્તબ્ધ

સુરતઃ તાપી જિલ્લામાં ભાજપની આંતરિક ખટપટનો મોટો કિસ્સો સપાટી પર આવ્યો છે. વાલોડ તાલુકા પ્રમુખ અને જિલ્લાના આદિજાતિ મોરચાના પ્રમુખ દ્વારા વાલોડ તાલુકા લઘુમતિ મોરચાના પ્રમુખને, એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવી જેલમાં પુરાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ અંગે લઘુમતિ મોરચાના પ્રમુખે પોલીસ ઉપરાંત પ્રદેશ કક્ષા સુધી ફરિયાદ કરતાં પક્ષમાં હડકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે.

વાલોડ તાલુકાના બુહારી ખાતે રહેતા સલીમભાઈ મુલતાની છેલ્લા 28 વર્ષથી ભાજપના કાર્યકર છે અને ચારેક વર્ષથી વાલોડ તાલુકાના લઘુમતિ મોરચાના પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે છે. તેઓ ભાજપના ઓફિશિલ વોટ્સએપ ગ્રુપમાં પણ એક્ટિવ છે. જો કે તેમણે બે-ત્રણ દિવસથી ધારાસભ્ય મોહનભાઈ અંગે મૂકેલી પોસ્ટને પગલે મોટો વિવાદ સર્જાયો છે.

સલીમભાઈએ ભાજપના પ્રદેશ મહામંત્રી, તાપી જિલ્લા ભાજપ પ્રમુખ, તાપી જિલ્લા ભાજપના પ્રભારી ઉપરાંત પોલીસને પણ એક ગંભીર લેખિત ફરિયાદ કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે વાલોડ તાલુકા ભાજપ પ્રમુખ પરિમલ સોલંકીએ તેમને કોલ કર્યો હતો. વોટ્સએપ ગ્રુપમાં ન્યૂઝપેપરના કટિંગ મૂકવા બાબતે પરિમલભાઈ ઉપરાંત તાપી જિલ્લાના આદિજાતિ મોરચાના પ્રમુખ અમિતભાઈ પટેલ દ્વારા તેમને ધમકી આપવામાં આવી હતી. ધારાસભ્ય મોહનભાઈ અંગે મૂકેલી પોસ્ટ તાત્કાલિક ડિલીટ કરવા તેમણે કહ્યું હતું. એટલું જ નહીં, બંને હોદ્દેદારોએ સલીમભાઈને ધમકી આપી હતી કે તમે માપમાં રહેજો, તમને એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવી દઈશું, જેલમાં પુરાવી દઈશું, વર્ષો સુધી બહાર નીકળી શકશો નહીં.

સલીમભાઈ મુલતાનીની આ ફરિયાદને પગલે તાપી જિલ્લા ભાજપમાં હડકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. 28 વર્ષથી કાર્યરત અને તાલુકાનો મહત્વનો હોદ્દો સંભાળતા હોદ્દેદારને, પક્ષના જ અગ્રણીઓ દ્વારા ગંભીર અને ગર્ભિત ધમકી આપવામાં આવે, તેને પગલે કાર્યકરોમાં આંતરિક રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

સગીરા સાથે દુષ્કર્મ આચરનારા નરાધમને 20 વર્ષની સખ્ત કેદ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં વર્ષ ૨૦૨૪માં સગીરા સાથેના દુષ્કર્મના કેસમાં અંકલેશ્વરના એડિશનલ સેશન્સ તથા સ્પેશિયલ પોકસો કોર્ટના ન્યાયાધીશ સી.કે. મુનશીએ આરોપી અલી અજગર ઉર્ફે આર્યન જલાઉદ્દીન શાહને 20 વર્ષની સખત કેદની સજા ફટકારવા સાથે પીડિતાને 4 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ પણ કર્યો છે. અંકલેશ્વર પંથકમાં 16 વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ બનાવમાં પોલીસે આરોપીની ધરપકડ કરી કેસ અદાલતમાં રજૂ કર્યો હતો. સરકારી વકીલ પિયુષસિંહ રાજપૂતે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો રજૂ કરતા આરોપી દોષિત ઠર્યો છે.

દિવાળીના સપ્તાહમાં બેન્કો માત્ર બે જ દિવસ ખુલ્લી રહેશે

બે દિવસમાં જ જરૂરી બેન્કિંગ કામ પૂર્ણ કરી લેવું

ઓનલાઇન/મોબાઇલ બેન્કિંગ અને એટીએમનો ઉપયોગ કરવો

ભરૂચઃ દિવાળીના સપ્તાહમાં બેન્કો માત્ર બે જ દિવસ ખુલ્લી રહેશે. બેન્કના ગ્રાહકોએ આ બે દિવસમાં જ તેમનું જરૂરી બેન્કિંગ કામ પૂર્ણ કરી લેવું અથવા ઓનલાઈન/મોબાઈલ બેન્કિંગ અને એટીએમ સેવાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

દિવાળીના તહેવારો અને સપ્તાહના રજાઓને કારણે આવતા સપ્તાહમાં બેન્કિંગ સેવાઓ મોટે ભાગે બંધ રહેશે. ખાસ કરીને 20 ઓક્ટોબરથી 26 ઓક્ટોબર દરમિયાનના સાત દિવસના સમયગાળામાં બેન્કો માત્ર બે જ દિવસ ચાલુ રહેશે.

આ રજાઓને લીધે ગ્રાહકોને તેમની જરૂરિયાતો જેમ કે નાણાંકીય લેવડદેવડ, ચેકની ક્લિયરિંગ અથવા અન્ય બેન્કિંગ કામગીરી માટે ફક્ત 21 અને 24 ઓક્ટોબરના દિવસો જ ઉપલબ્ધ રહેશે. બેન્કના ગ્રાહકો અને જનતાને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ બે દિવસમાં જ તેમનું જરૂરી બેન્કિંગ કામ પૂર્ણ કરી લેવું અથવા ઓનલાઈન/મોબાઈલ બેન્કિંગ અને એટીએમ સેવાઓનો ઉપયોગ કરવો.

આ દિવસે બંધ રહેશે

રવિવાર, 19 ઓક્ટોબર 2025 (સામાન્ય રજા), સોમવાર, 20 ઓક્ટોબર 2025 (દિવાળી), બુધવાર, 22 ઓક્ટોબર 2025 (નવું વર્ષ), ગુરુવાર, 23 ઓક્ટોબર 2025 (ભાઈબીજ), શનિવાર, 25 ઓક્ટોબર 2025 (ચોથો શનિવાર), રવિવાર, 26 ઓક્ટોબર 2025 (સામાન્ય રજા)

આ દિવસે ચાલુ રહેશે

મંગળવાર, 21 ઓક્ટોબર 2025, શુક્રવાર, 24 ઓક્ટોબર 2025

જયેશ પટેલ

ઓલપાડમાં ચોપડા પૂજન વિધિ

સાયણઃ હિન્દુ ધર્મના પાંચ દિવસીય મહાપર્વ દિવાળીની શરૂઆત ધનતેરસથી થઈ રહી છે. આર્થિક લેવડદેવડ સાથે સંકળાયેલી વ્યક્તિઓ તથા સંસ્થાઓ આ દિવસે દેવી લક્ષ્મીજીની ખાસ પૂજા કરે છે. આજની પરંપરાગત વિધિમાં વેપારનાં સાધનો અને ચોપડા પર સ્વસ્તિક રચી લક્ષ્મીજી અને ગણેશજીનું આહવાન કરવામાં આવે છે. આ પવિત્ર દિવસે ઓલપાડ ટાઉનનાં ઝાંપાફળિયા સ્થિત ધી ઓલપાડ તાલુકા પ્રાથમિક ધી ઓલપાડ તાલુકા પ્રાઈમરી ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડનાં મકાન ખાતે મંડળીના કર્મચારીઓ ચોપડા પૂજન કર્યું હતું.

શ્રમિકને ઊંઘમાં જ કચડી મારી અજાણ્યું વાહન ફરાર

એક્સપ્રેસ વે પર કામરેજ નજીકની ઘટના, રાત્રે જમીને, પત્ની-બે પુત્રને ઘરમાં ઉંઘાડી યુવક બહાર સૂતો હતો

છેક હાઈવેની એમ્બ્યુલન્સ પહોંચી ત્યારે પત્નીને પતિના મૃત્યુની જાણ થઈ

કામરેજઃ મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના બરઝર ગામના વતની અને હાલ એનાથી કીમ જતાં એક્સપ્રેસ હાઈવે પર કામરેજ તાલુકાના જાતભરથાણા ગામની હદમાં એક વાડીમાં છેલ્લા ત્રણ વર્ષથી મુકેશ નાગજીભાઈ પરમાર (ઉ.વ.39) પત્ની લીલાબેન, પુત્ર સુમિત અને પ્રિન્સ સાથે રહેતા હતા. શુક્રવારે રાત્રે જમીને વાડીના મકાનમાં પત્ની લીલાબેન પુત્રો સાથે ઉંઘી ગયા હતા, જ્યારે મુકેશભાઈ મકાનની બહાર સૂઈ ગયા હતા.

રાત્રે આશરે 11.00 કલાકે અજાણ્યા વાહને મુકેશભાઈને અડફેટે લેતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને સ્થળ પર જ મોત નીપજ્યું હતું. નેશનલ હાઈવેની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ત્યારે મુકેશભાઈની પત્નીને, મુકેશભાઈના મૃત્યુની જાણ થઈ હતી. તેમણે અજાણ્યા વાહનચાલક સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત. ફોન : ૨૫૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

પેપરની પસ્તીના
રૂપિયા ૧૮ કિલોના, શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં. 9426394294 સુરત.

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

PRESIDENT PEST CONROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

મિલ્કત વેચવાની છે

દુકાન વેચવાની છે
પાલનપુર જકાતનાકા ચાર રસ્તા પાસે મેઈન રોડ 7069680008 (539)

Flat Sell
6 બેડરૂમ પર્વત પાટિયા Flat Rent 3 બેડરૂમ વેસુ 9824141999

વેસુ 4 પોઈન્ટમાં
ફુલ્લી ફર્નીશ્ડ ઓફિસ વેચાણથી આપવાની છે. 35 લાખમાં, 9377889912

ભટાર રોડ
રોડ 2 BHK 1335 ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે.9825088402, 9825919637

મકાન વેચવાનું R.C.C
ત્રણ માળ 32 લાખ આસપાસ મંદિર. 8488968543

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ઓમશિવ ટ્રાવેલ્સ
ભાઈબીજ- 23, 29(જોધપુર, જેસલમેર, સમડેઝર્ટ, જૂનારણુજા) (પંચમઢી, અંજટા, ઈલોરા, ધૃષ્ણેશ્વર) 27, 29, અને 1 (ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ, શિહોર) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) દરરોજ રાત્રે શીર્ડી, નાસિક, શનિદેવ, ત્ર્યંબકેશ્વર, સપ્તશૃંગી. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

કોર્પોરેટ ઓફિસ માટે પીલર લેસ મોટા હોલ કોમર્શિયલ જગ્યા ભાડે આપવાની છે. કોર્પોરેટ દલાલોએ સંપર્ક કરવો. સ્થળઃ રીંગરોડ મો.નં. 6353472781

AUM TOURS
(સંપૂર્ણ સૌરાષ્ટ્ર 7 દિવસ 23-10) (રોયલ રાજસ્થાન 9 દિવસ 23-10) (કચ્છ રણોત્સવ 5 દિવસ 24-10, 31-10) (ઉદયપુર, શ્રીનાથજી, ચિત્તોડગઢ, માઉન્ટઆબુ 7 દિવસ, 23-10, 27-10) 7878674257.

INDUSTRIAL LAND
Industrial NA Land for Sale At Vapi (N.H.), Highway Touch-Ready Possession.
CONTACT: 9869008022

જૂના જાણીતા રાજુ
મોદી કેરેલા, કન્યાકુમારી, રામેશ્વરમ, કોડઈકેનાલ, જટાયુ, બાહુબલી ફોલ્સ, 24 ઓક્ટોબર, દિવસ 13, 9374512979 (538)

શ્રીધામ ટ્રાવેલર્સ.
રોયલ રાજસ્થાન, 9 દિવસ, 24/ 10, 13,500/- અડાજણ, સુરત. 9512991300, 8160646008.

દિવાળી પ્રવાસ
પ્રથમ ટ્રાવેલ્સ. જયપુર, ખાતુશ્યામ, ઉદયપુર, શ્રીનાથજી, આબુ. વિજય પારેખ- કતારગામ. 9825344459.

નોકરી વિષયક

ભ.ડી.સે.કો.બેંક
રેલ્વે સ્ટેશન સામે ભરૂચમાં સી.બી.એસ ઉપર કામ કરી શકે તેવા બે એકાઉન્ટ ઓફિસરની જગ્યા ભરવાની છે. દિન- ૫ માં અરજી કરવી. ચેરમેન (537)

અડાજણમાં ટ્રાવેલ
ઓફિસ માટે પર્સનલ સેક્રેટરી જોઈએ છે. MO- 8160017181

હેલ્પર જોઈએ છે
જેને કાપડનો અનુભવ હોય, કોટ- પેન્ટ, શર્ટ- પેન્ટ, શેરવાની અને કસ્ટમર હેન્ડલ કરી શકે તેવા અનુભવી માણસ જોઈએ છે શોરૂમનો ટાઈમ છે. સવારે 11થી લઈને રાત્રે 10 વાગ્યા સુધી. Irfan Motiwala, ચોક બજાર જુમ્મા મસ્જિદ, સુરત મોબાઈલ. 9825139287

REQUIRED
Floor Manager/ Coordinator (Female) - 2 Vacancies (English, Hindi, Gujarati required) Ward Boy/Patient Attendant - 1 Vacancy For a radio diagnostic imaging center in Adajan. Best of the class salary; first preference for experienced Call on 9537221223 from 6 to 8 pm

ઘર બેઠા ટચૂકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.